# એક નવી સવાર

૧ જાન્યુઆરી, ૨૦૧૮

પ્રિય સાધકો,

નૂતન વર્ષાભિનંદન!

આજની સવારમાં કંઈક વાત છે — નવવર્ષનો સૂર્ય ધરતી પર પોતાને કંઈક એવી રીતે પ્રસરિત કરી રહ્યો છે કે સ્વર્ણિમ નદીઓ બની ગઈ છે. કંઈક વાત તો છે એ વિખરાયેલા રંગોમાં જેને સ્વર્ગના કલાકારોએ પોતાના ઉદાર હૃદયથી આખા આકાશમાં ફેલાવી દીધા છે : લાલ, ગુલાબી, થોડો જાંબલી અને ઘણો બધો સોનેરી રંગ. બની શકે કે તમે તમારા આકાશમાં વાદળો પણ જોયાં હશે — વિશાળ, અંદરથી ચમકતાં મખમલી વાદળો, જે સૂર્ય દેવતાની આસપાસ ખૂબ સ્થિરતાથી આગળ વધી રહ્યાં હોય. અથવા બની શકે કે તમે આછું ધુમ્મસ જોયું હોય, જે સૂર્યની સાથે આમ-તેમ ફરતા રહીને સંતાકૂકડી રમી રહ્યું હોય.

જ્યારે હું નવવર્ષના દિવસે સૂર્યોદયને જોઉં છું, તો મારાં શ્રીગુરુ, ગુરુમાઈ ચિદ્વિલાસાનંદને યાદ કરું છું. મને ખાત્રી છે કે તમે જોયું હશે કે જ્યારે તમે સૂર્યના પ્રકાશથી આલોકિત આકાશને જુઓ છો, અને મારો કહેવાનો અર્થ છે કે જ્યારે તમે ‘વાસ્તવમાં’ તેને તમારી અંદર સમાઈ જવા દો છો, જ્યારે તમે તેની ઉષ્માને તમારી અંદર ઉતરવા દો છો અને તમારી દૃષ્ટિમાં આકાશની સ્વર્ણિમ આભાનું અંજન લગાવો છો, ત્યારે બધું પ્રશાંત થઈ જાય છે. સંસારમાં બધું બરાબર અને ઉચિત લાગે છે. તમે ફરી શ્વાસ લઈ શકો છો.

અંતરવિશ્રાંતિની આ ભાવના, પોતાના સંસારમાં સંતુલનનો આ અહેસાસ, એવી ભાવના છે જેને હું તરત જ શ્રીગુરુમાઈ સાથે જોડી દઉં છું. ગુરુમાઈજીની ઉપસ્થિતિ, ગુરુમાઈજીની કૃપા અને ગુરુમાઈજીની શિખામણો મને વારંવાર વિશ્રાંતિની આ ભાવના તરફ, સંતુલનના આ અહેસાસ તરફ લઈ આવે છે.

અને તેથી જ્યારે હું સવારે આકાશમાં નારંગી આભાને જોઉં છું, ખાસ કરીને આજના દિવસ જેવા વિશેષ દિવસે, ત્યારે મને આખા આકાશમાં એક ભગવું પરિધાન લહેરાતું દેખાય છે. હું શ્રીગુરુમાઈનાં સ્મિતની કલ્પના કરું છું કે કેવી રીતે તે સ્મિત તેમની આંખોમાં સ્પષ્ટરૂપે દેખાય છે, કેવી રીતે તેમનું સ્મિત પ્રેમને વ્યક્ત કરે છે અને એ જણાવે છે કે તેઓ બધું જાણે છે, બધું સમજે છે. ગુરુમાઈજીનું હાસ્ય મારા કાનોમાં ગુંજે છે. મને એ નાનીનાની, મૃદુલ ક્ષણોની યાદ આવે છે જે મારા મનમાં ગૂંથાઈ ગઈ છે અને મેં મારી સ્મૃતિમાં સાચવીને રાખી છે : કેવી રીતે એકવાર ગુરુમાઈજીએ દર્શન માટે આવેલા એક ભક્તનો હાથ ખૂબ જ સૌમ્યતાથી પોતાના હાથમાં લીધો હતો. તેમના આ કૃત્યમાં કરુણા અને સૌહાર્દ એટલા સ્પષ્ટ અને સ્તબ્ધ કરી દેનારાં હતાં કે શબ્દોમાં તેનું વર્ણન કરવું મારા માટે મુશ્કેલ છે. થોડાં અઠવાડિયા પહેલાં એ ક્ષણ, જ્યારે ગુરુમાઈજીએ બડે બાબાની પાદુકાઓ ઉપર ગુલાબનાં ફૂલની પાંખડીઓની વર્ષા કરી હતી, એ સમયે તેમનાં હાથોથી થઈ રહેલી પુષ્પવૃષ્ટિ એક અનવરત વહી

રહેલા ઝરણાં જેવી પ્રતીત થઈ રહી હતી. કેવી રીતે એકવાર તેમણે એક બિલાડીને હિંમત આપી હતી, જ્યારે તેને પગથિયાં ચડવામાં ડર લાગતો હતો. તેમણે બિલાડીને પોતાના ખોળામાં લઈને તેને પંપાળી અને ધીમેથી કહ્યું, ‘‘કંઈ નહીં, બધું બરાબર છે. કંઈ નહીં, બધું બરાબર છે.’’ એ સમયે તેમના અવાજમાં કેટલી મૃદુલતા હતી!

હું આકાશને નિહારી રહી છું, મારું હૃદય પૂરી રીતે પીગળવાની તૈયારીમાં છે અને અંદરથી હું સમજી રહી છું કે જો હું ધ્યાન આપું, તો ગુરુમાઈજીની કોઈપણ શિખામણ — જેમકે તેમનો કોઈ શબ્દ, કોઈ કૃત્ય અથવા હાવભાવ — મારા પોતાના જ એક સૂર્યોદયને ઉજાગર કરશે.

તે એ રીતે છે, જેમ ભારતના મહારાષ્ટ્રમાં, તેરમી સદીના લોકપ્રિય સંતકવિ શ્રીજ્ઞાનેશ્વર મહારાજ ભગવદ્ ગીતા પર લખેલી પોતાની ટીકામાં કહે છે :

જેં જયા વાટા સૂર્યુ જાયે। તેઉતેં તેજાચેં વિશ્વ હોયે।

‘‘પોતાના માર્ગ પર સૂર્ય જ્યાં પણ જાય છે, ત્યાં આખું વિશ્વ પ્રકાશ બની જાય છે.’’[૧]

આજે, ‘એક મધુર સરપ્રાઇઝ’ સત્સંગમાં આપણે વર્ષ ૨૦૧૮ માટે શ્રીગુરુમાઈનો સંદેશ પ્રાપ્ત કર્યો. નવવર્ષ માટે એ ગુરુમાઈજીની શિખામણ છે. તે આપણા માટે એ જ્ઞાન છે જેને આપણે કાર્યાન્વિત કરવાનું છે, આ એક દષ્ટિકોણ છે જેના દ્વારા આપણે આ સંસારમાં આપણા સ્થાનને વધારે સારી રીતે સમજી શકીએ છીએ. અંતતઃ તેમનો સંદેશ, આપણામાંથી દરેક માટે શ્રીગુરુના અબાધિત પ્રેમની અભિવ્યક્તિ છે — તેમની આ કરુણામયી ઇચ્છાની અભિવ્યક્તિ છે કે આપણા બધામાં જે જવાબો અને જે પરિપૂર્ણતા તથા ગહન પ્રશાંતિ પામવાની લલક છે તેને આપણે પ્રાપ્ત કરી શકીએ.

હું સિદ્ધયોગ પથનું અનુસરણ કરતાં-કરતાં મોટી થઈ છું. દર વર્ષે જાન્યુઆરી મહિનામાં મારો પરિવાર એ વર્ષ માટે શ્રીગુરુમાઈનો સંદેશ સાંભળે છે. મને હજીપણ યાદ છે કે બાળપણમાં મને લાગતું કે શ્રીગુરુમાઈનો સંદેશ માત્ર મારા માટે જ છે. જોકે વ્યવહારિક સ્તર પર મને ખબર હતી કે એ સંદેશ સમાનરૂપે બધાં માટે છે, તોપણ મને લાગતું કે એ માત્ર મારા માટે જ છે, મારી જરૂરિયાત પ્રમાણે છે. મારા માટે બનાવવામાં આવ્યો છે, એક એવો પ્રેમભર્યો સંદેશ જે સીધો ગુરુમાઈજીના હૃદયથી મારા હૃદય સુધી પહોંચી રહ્યો હોય. તે શબ્દો મારા માટે હતા, જેમાં હું આખું વર્ષ આશ્રય લેતી, જેનાં વિશે હું મારી સમજ દૈનંદિનીમાં લખતી, ઉદાસ હોઉં ત્યારે જેને હું હૃદયમાં ધારણ કરતી, અથવા ખુશ હોઉં ત્યારે જેમાં ઉલ્લસિત થતી. અને આટલાં વર્ષોથી હું આમ જ કરતી આવી છું. હંમેશાં, ગુરુમાઈજીનો સંદેશ એ પરિસ્થિતિઓમાં લાગુ પડ્યો છે જે મારા જીવનમાં ઘટી રહી હોય છે. હંમેશાં, ગુરુમાઈજીનો સંદેશ મને માર્ગદર્શન આપે છે. હંમેશાં, તે મને સુકૂન આપે છે અને મારા વિકાસમાં મને મદદ કરે છે.

ગુરુમાઈજીના સંદેશ વિશે જે વાત મને સૌથી વધારે ગમે છે — જો તેને કહેવું શક્ય હોય તો હું કહીશ — જ્યારે આપણે સંદેશનો અભ્યાસ કરીએ છીએ, જ્યારે આપણે સંદેશને આપણા જીવનના લય સાથે જોડીને તેને આપણા જીવનનું દિશાનિર્દેશન કરવા દઈએ છીએ, ત્યારે તે આપણને ફરી આપણા પોતાના સંપર્કમાં લઈ આવે છે. નિશ્ચિતરૂપે આવું જ થાય છે. નવવર્ષના સમયે આપણામાંથી ઘણાં લોકોની ઇચ્છા હોય છે કે આપણે નવેસરથી

શરૂઆત કરીએ. આપણે આપણા ઉત્સાહને ફરીથી નવીન કરવા ઇચ્છીએ છીએ; આપણે એક નવો માર્ગ બનાવવા ઇચ્છીએ છીએ અથવા ફરી એકવાર કંઈક એવી વસ્તુ અજમાવી જોવા ઇચ્છીએ છીએ જેને આપણે પહેલાં કરી શક્યાં નહોતાં. છતાં જ્યારે આપણે વાસ્તવમાં આમ કરવાનું શરૂ કરીએ છીએ, ત્યારે બની શકે કે આપણને ખબર ન હોય કે ક્યાંથી શરૂઆત કરવી. કદાચ આપણે આવું વિચારતા હોઈએ કે આપણું લક્ષ્ય આપણી સામાન્ય સમજની ક્યાંક બહાર છે અને એટલે તેને પ્રાપ્ત કરવા માટે આપણે આપણી સીમાની બહાર જવું પડશે.

શ્રીગુરુમાઈનો સંદેશ આપણને ફરી એ જ પ્રજ્ઞાન, સારપ અને દિવ્યતા તરફ લઈ આવે છે જે અહીં જ, આપણા અંતરમાં વિદ્યમાન છે. જ્યારે આપણે ગુરુમાઈજીના સંદેશને આપણા જીવનનું એક અંગ બનાવી લઈએ છીએ, ત્યારે આપણે નિશ્ચિતરૂપે નવીન બની જઈએ છીએ; દર વર્ષે મારો આ જ અનુભવ રહ્યો છે. પરંતુ અહીં નવીન બનવાનો અર્થ છે, પોતાને એક નવી દૃષ્ટિથી જોવાં, એક નવા દૃષ્ટિકોણથી એ જોવું કે એ શું છે જેને કરવા અને આપવા માટે આપણે સક્ષમ છીએ — અને પછી તેના પ્રમાણે પરિવર્તન લાવવા માટે દૃઢનિશ્ચય સાથે નિર્ણય લેવો.

તેથી, જ્યારે તમે વર્ષ ૨૦૧૮ માટે શ્રીગુરુમાઈના સંદેશને ગ્રહણ કરો, જ્યારે તમે આ અમૂલ્ય ભેટ સ્વીકારો ત્યારે હું તમને પ્રોત્સાહિત કરું છું કે સૌપ્રથમ તમે તેની સાથે ‘રહો’. તેના સાન્નિધ્યમાં બેસો. સંદેશને તમારા હૃદયમાં પોતાનું નિવાસસ્થાન બનાવવા દો; તેને તમારી પૂર્ણ સત્તામાં રહેવા દો. સંદેશ તમને જ્યાં લઈ જાય ત્યાં તેની સાથે જાઓ. જુઓ કે તે તમને તમારા પોતાના વિશે શું શીખવે છે, તે કયું ગીત ગાય છે અને કયો તાલ વગાડે છે. મને લાગે છે કે જો તમે બારીકીથી જોશો, જો તમે ધ્યાનથી સાંભળશો તો કદાચ તમે તેને પ્રાપ્ત કરી લેશો : એ સૂર્ય, જે તમારી અંદર ઉદિત થઈ રહ્યો છે.

હાલમાં, ગુરુમાઈજીએ મને કહ્યું હતું કે વર્ષ ૨૦૧૮ અને અનંતતા વચ્ચે એક સંબંધ છે. કદાચ આ સંબંધના એક ચિહ્નને તમે સમજી જ લીધું હશે. અને જો નહીં … તો મને વિશ્વાસ છે કે તે તમને સમજાઈ જશે. બસ અંગ્રેજી આંકડા 2018 ને જોતાં રહો. ☺

મને આ વિચાર બહુ જ ગમે છે — ૨૦૧૮ અનંત છે, તેનામાં અનંત સંભાવના સમાહિત છે; ભલેને આપણી પરિસ્થિતિઓ જેવી પણ હોય અથવા આ વર્ષ આપણા માટે જે પણ લાવે, તોપણ આપણા અંતરમાં સતત એક એવો આધાર રહેલો છે જેનો આશ્રય આપણે લઈ શકીએ છીએ. પ્રગતિ કરવા અને સદ્ભાવનાને વધારવાનો સુઅવસર આપણા માટે હંમેશાં ઉપલબ્ધ છે. મારા માટે ‘અનંતતા’ શબ્દ શ્રીગુરુમાઈના સંદેશનું ઉત્તમરૂપે વર્ણન કરે છે. તેમના સંદેશમાં અગાધ ગહનતા અને અપરિમિત શક્તિ છે. જેટલું વધારે આપણે તેનું અધ્યયન કરીશું, તેટલું વધારે આપણે તેને અનાવૃત અને તેનો અનુભવ કરી શકીશું; અને તેટલું જ વધારે આપણે એ જોઈ શકીશું કે આપણે વાસ્તવમાં કોણ છીએ.

અને આમ કરવામાં, તથા સંદેશનું અધ્યયન અને તેને આત્મસાત્ કરવામાં આપણી સહાયતા માટે સિદ્ધયોગ પથ વેબસાઇટ એક અમૂલ્ય સાધન છે. આપણને વેબસાઇટ પર ગુરુમાઈજીના સંદેશની કલાકૃતિનાં દર્શન કરવાં માટેનું આમંત્રણ તો મળી જ ગયું છે. અને ગુરુવાર, ૪થી જાન્યુઆરીથી બુધવાર, ૨૮મી ફેબ્રુઆરી સુધી આપણે ‘એક

મધુર સરપ્રાઇઝ' સત્સંગ દ્વારા ગુરુમાઈજીના સંદેશ પ્રવચનના ઑડિઓ વેબકાસ્ટને પણ સાંભળી શકીશું. મેં પહેલાં જ કહ્યું હતું કે તમે સંદેશ સાથે રહેવા માટે સમય કાઢો — તો આનાથી વધારે સારી રીત શું હોઈ શકે? ચાલો આપણે સંદેશની પ્રેમળતામાં, તેના પ્રકાશમાં અને તેના રંગમાં વારંવાર પ્રવેશ કરીએ. ચાલો આપણે સંદેશના સંગીતમાં પોતાને ત્યાંસુધી ડૂબાડી દઈએ, જ્યાંસુધી આપણને એ અનુભૂતિ ન થવા લાગે કે તેના ધ્વનિના તરંગો આપણા જ અંતરનો ધ્વનિ છે.

સિદ્ધયોગ પથ પર આપણે આ મહિને બે અન્ય મહત્ત્વપૂર્ણ પર્વોનું સન્માન કરીશું. ૭ જાન્યુઆરીએ, આપણે એ દિવસનો ઉત્સવ મનાવીશું જ્યારે છેતાલીસ વર્ષ પહેલાં બાબા મુક્તાનંદે શ્રીગુરુગીતાના પાઠની શરૂઆત આશ્રમની દિનચર્યામાં પ્રાતઃકાલીન સ્વાધ્યાય તરીકે કરી હતી. ૧૪મી જાન્યુઆરીએ, આપણે મકરસંક્રાતિ ઉજવીશું. આ દિવસે સૂર્યની ઉત્તરાયણ યાત્રાનો આરંભ થાય છે, એ સમય જ્યારે વધુ અધિક પ્રકાશકાળની ઋતુનું આગમન થાય છે. મને મકરસંક્રાતિ વિશે આ કલ્પના કરવી ગમે છે કે આ સમયે આકાશ જાણે આવનારા મહિનાઓની આપણી સાધનાને પ્રતિબિંબિત કરી રહ્યું હોય. ''પોતાના માર્ગ પર સૂર્ય જ્યાં પણ જાય છે, ત્યાં આખું વિશ્વ પ્રકાશ બની જાય છે.'' ફરી એકવાર મને જ્ઞાનેશ્વર મહારાજના આ અમૃતમય વચનોનું સ્મરણ થઈ આવ્યું.

એ સ્પષ્ટ છે કે આ મહિને અને આ વર્ષે ઘણું બધું છે જેની આપણને ઉત્સુકતાથી પ્રતીક્ષા છે. આગળ વધતા રહીને, વર્ષ ૨૦૧૮માં નવી સ્ફૂર્તિ, નવા ઉમંગથી અને સહજતાથી પગલાં ભરતા રહીને આપણે હંમેશાં એ યાદ રાખીએ કે આપણે શરૂઆત કેવી રીતે કરી હતી. આપણે કૃપા સાથે શરૂઆત કરી છે — આપણે કૃપાને ઓળખીને અને તેનું આવાહન કરીને શરૂઆત કરી છે. આપણે માંગલ્ય સાથે શરૂઆત કરી છે. આપણે સર્વશ્રેષ્ઠ રીતે શરૂઆત કરી છે : આપણે પ્રેમથી શરૂઆત કરી છે.

આપણે ૨૦૧૮ની સીમિત ક્ષણોમાં અનંતતાનો અનુભવ કરીએ! આપણે, આ વર્ષની પ્રત્યેક નવી સવાર સાથે શ્રીગુરુની કૃપાને યાદ કરીએ, એવી શુભકામના!

પ્રેમ સહિત,

ઈશા સરદેસાઈ
સિદ્ધયોગ વિદ્યાર્થી

૧ 'જ્ઞાનેશ્વરી', ૬.૮૬; અંગ્રેજીમાં અનુવાદ સ્વામી કૃપાનંદ દ્વારા, *'Jnaneshwar's Gita'* (સાઉથ ફૉલ્સબર્ગ, ન્યૂયોર્ક : એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન, ૧૯૯૯), પૃ. ૭૦ માંથી.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.